**ચિલોડાનો રીક્ષા ચાલકનો આબાદ બચાવ**

# પ્રાંતિજ ખાતે પાલિકા દ્વારા ખોદવામાં આવેલ ખાડામાં રીક્ષા ખાબકી...!!

પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકા દ્વારા ખોદવામા આવેલ ખાડા મા એક રીક્ષા ખાબકી હતી તો રીક્ષા ચાલક નો આબાદ બચાવ થયો.

પ્રાંતિજ ખાતે પ્રાંતિજ નગર પાલિકા દ્વારા છેલ્લા કેટલાય દિવસ થી પાણી ની લાઈન પાસે દુરગંધ યુક્ત પાણી ગટર નુ મીક્ષ થવાને લઈ ને ખાડો ખોદવામા આવ્યો હતો અને કામ પણ પૂર્ણ થયુ હતુ પણ પ્રાંતિજ પાલિકા પાસે ખાડો પુરવા માટે જાણે ટાઈમ ના હોય તેમ કામ પુર્ણ થયા બાદ પણ ખાડો પુરવામા આવ્યો નહતો જેમા બુધવાર ના બપોરબાદ વરસાદ ની આગાહી વચે વરસાદ પડતા રોડ વચ્ચોવચ ખોદવામા આવેલ ખાડો પાણી થી ભરાઈ ગયો હતો અને રોડ ઉપર પણ પાણી ભરાતા ત્યાંથી પ્રસાર થઈ રહેલ ચિલોડા નો રીક્ષા ચાલક ચાલુ વરસાદ મા ખાડા ખાબકયો હતો તો રીક્ષા ચાલક ખાડામા પડતા આજુબાજુમા આવેલ દુકાનો ગલ્લા માલિકો દોડી આવ્યા હતા અને રીક્ષા ચાલક ને બહાર કાઢયો હતો તો રીક્ષા ચાલક ને સામાન્ય ઈજાઓ પોહચી હતી અને આબાદ બચાવ થયો હતો અને રીક્ષા ને નુકસાન થયુ હતુ તો પાલિકા દ્વારા ખાડાની આજુબાજુ કોઈ આડ ના મુકતા રીક્ષા ખાડામા ખાબકી હતી તો પાલિકા ના પાપે રીક્ષા ચાલક ખાડામા ખાબકયો હતો તો પ્રાંતિજ પાલિકા દ્વારા આખાડો કયારે પુરાશે એતો હવે જોવુ રહ્યુ.



પ્રાંતિજ સહિત તાલુકામા બપોરબાદ વાતાવરણ મા એક દમ પલટાવ આવતા બપોર ૪થી૬ ના વચ્ચે ૭૮ એમએમ એટલે કે ૩ ઈચ વરસાદ ખાબકર્યો હતો તો પ્રાંતિજ ખાતે ૨થી૬ સુધી મા કુલ સાડા ત્રણ ઈચ વરસાદ ખાબકયો તો વરસાદ પડતા વાતાવરણ મા ઠંડક પ્રસરી જવા પામી હતી અને પ્રાંતિજ ખાતે બે કલાક મા ત્રણ ઈચ વરસાદ પડતા નગરજનોમા ખુશી ની સાથે અસહ્ય ગરમી ઉકળાટ થી છુટકાળો મલ્યો હતો.

**માટી ચોરીમાં ૯ લાખનો દંડ પરંતુ ગ્રામજનો માટે જળભંડાર સમૃદ્ધ બન્યો**

# ધનસુરાના હીરાપુરકંપાનું તળાવ ભરાતાં બોરકૂવા રીચાર્જ થવાની શરુઆત : ૨૦થી વધુ એમ.સી.એફ.ટી. પાણીનો સંગ્રહ





બાયડ, તા.૨૦

જિલ્લામાં બીજા રાઉન્ડના વરસાદ પછી અનેક તળાવો ભરાયા પછી છલકાઈ રહ્યાં છે. ત્યારે ધનસુરા તાલુકાના હીરાપુરકંપાનું તળાવ ભરાતાં આસપાસના ૧ કિ.મી. વિસ્તારમાં આવેલા બોરા રીચાર્જ થવાની શરુઆત થઈ છે. ૨ મહિના અગાઉ તળાવમાંથી માટી ચોરીના કૌભાંડમાં એજન્સીને રુ ૮.૮૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો પરંતુ તે ગ્રામજનો માટે આશીર્વાદરુપ સાબિત થયો છે. પંથકમાં જળભંડાર વધુ સમૃદ્ધ થવાની સાથે તળાવની પાણી સંગ્રહશક્તિ બમણી થઈ ગઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્ય સરકાર દ્વારા આ વર્ષે ૨ મહિના અગાઉ સુજલામ સુફલામ અભિયાન યોજના હેઠળ જિલ્લાના તળાવો ઉંડા કરી ૨૦ હજાર એમ.સી.એફ.ટી. વધુ પાણીનો સંગ્રહ થાય તેવા પ્રયાસ કર્યા હતા. બિપરજોય વાવાઝોડા પછી વરસેલા અનરાધાર વરસાદ અને ત્યારબાદ પ્રથમ અને બીજા રાઉન્ડના વરસાદમાં જિલ્લાના અનેક તળાવો છલકાતાં પ્રજામાં લાંબા સમય પછી ખુશાલી જોવા મળી છે. ધનસુરા તાલુકાના હીરાપુરકંપા તળાવ ઉંડુ કરાયું તે સમયે કોઈપણ પ્રકારની પરવાનગી વગર માટી ચોરીની ફરિયાદ થતાં ભૂસ્તર વિભાગે તપાસ હાથ ધરી હતી અને ગેરકાયદે માટી ખોદકામ બદલ હિંમતનગરની એજન્સીને રુ ૮.૮૦ લાખ વસુલવા નોટિસ આપવામાં આવી હતી. તળાવમાંથી મોટા પ્રમાણમાં માટી કાઢ્યા પછી તેની સંગ્રહશક્તિ બમણી થઈ ગઈ અને તાજેતરમાં વરસેલા વરસાદના કારણે તળાવ ભરાઈ જતાં ૨૦ મિલીયન ક્યુબિક ફૂટ કરતાં પણ વધુ પાણીનો સંગ્રહ થતાં આગામી ઉનાળા સહિતના દિવસો હવે અવસરમાં પલ્ટાઈ જાય તેવી સ્થિતિ જોવા મળે છે. ગામના તળાવમાં પાણી ભરાતાં ગ્રામજનોએ પણ ખુશાલી વ્યક્ત કરી છે અને બોરા રીચાર્જ થઈ જળસ્ત્રોત ઉંચા આવતાં હવે શિયાળુ અને ઉનાળુ ખેતીમાં પણ ફાયદાકારક થઈ શકે છે.

# મોડાસા શહેર સહીત જીલ્લામાં ધોધમાર વરસાદ, બફારાથી રાહત

મોડાસા, તા.૨૦

હવામાન વિભાગે સપ્તાહમાં હળવાથી માધ્યમ વરસાદની આગાહી કરી છે રાજયમાં અનેક ઠેકાણે ધોધમાર વરસાદ ખાબકી રહ્યો છે અરવલ્લી જીલ્લામાં છેલ્લા એક સપ્તાહથી મેઘરાજાએ વિરામ લીધા બાદ મોડી રાત્રીએ મેઘરાજાનું આગમન થયું હતું દિવસે વાદળછાળું વાતાવરણ રહેતા લોકો અસહ્ય બફારા અને ઉકળાટથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

મોડાસા શહેર સહીત જીલ્લામાં છાસવારે વીજળી ડુલ થઈ જતા લોકો તોબા પોકારી ઉઠ્યા છે બુધવારે સાંજના સુમારે ઘનઘોર વાતાવરણ બાદ વરસાદ વરસવાનો શરૂ થતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં મંગળવારે સાંજના સુમારે વરસાદી ઝાપટા પાડવાની સાથે મોડી રાત્રે મોડાસા,મેઘરજ અને માલપુર પંથકમાં ગાજવીજ સાથે વરસાદ ખાબક્યો હતો બુધવારે આકાશે કાળા ડિબાંગ વાદળો ઘેરાયા પછી સાંજના સુમારે મેઘરાજાની શાહી સવારી પહોંચતા ધોધમાર વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી પાણી થઈ ગયા હતા અસહ્ય ઉકળાટ અને બફારાથી ત્રાહિમામ પોકારી ઉઠેલા લોકોએ વરસાદના આગમનથી ઠંડક પ્રસરતા આનંદ છવાયો હતો વરસાદથી ખેતીમાં મકાઈ, સોયાબીન અને મગફળીના પાકને જીવતદાન મળ્યું છે.

**માતૃવંદના યોજનાનું પોર્ટલ બંધ**

# ઉત્તર ગુજરાતમાં : મહિનાથી સગર્ભા મહિલાઓ સહાયથી વંચિત

## પોર્ટલ અપગ્રેડ થતાં સહાયની કામગીરી ઠપ્પ

બાયડ, તા.૨૦

રાજ્ય સહિત ઉત્તર ગુજરાતમાં માતૃવંદના યોજના અભરાઈએ ચઢી છે. પોર્ટલ અપગ્રેડ થતું હોવાથી સહાયની કામગીરી ઠપ્પ થઈ છે. ઉત્તર ગુજરાતમાં છેલ્લા ૬ મહિનાથી આજ કારણોસર અસંખ્ય સગર્ભા મહિલાઓ સહાયથી વંચિત રહી છે. રાજ્ય અને કેન્દ્ર સરકારના સંકલનના અભાવમાં લાભાર્થી સગર્ભા મહિલાઓની સહાય ક્યારે મળશે ?? તેના કોઈ હજુ ઠેકાણાં નથી.

કેન્દ્ર સરકારના મહિલા બાળકલ્યાણ વિભાગ દ્વારા મમતા કાર્ડ હેઠળ સગર્ભા મહિલાઓને મળતી સહાય હવે પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અંતર્ગત રાજ્ય સરકારના આરોગ્ય વિભાગમાં તેનો સમાવેશ કરવામાં આવતાં પોર્ટલ અપગ્રેડ કરવાની કામગીરી શરુ કરવામાં આવી છે. જેના કારણે રાજ્ય સહિત ઉત્તર ગુજરાતમાં પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાનું પોર્ટલ બંધ છે. પોર્ટલ બંધ રહેવાથી ઉત્તર ગુજરાતમાં મમતા કાર્ડહેઠળ મળતી રુ ૫૦૦૦ની સહાયથી ૫ જિલ્લાની સગર્ભા મહિલાઓ વંચિત રહી છે. સરકાર દ્વારા યોજના હેઠળ પ્રથમવાર ગર્ભવતી થયેલ અને સ્તનપાન કરાવતી મહિલાઓને ૩ હપ્તામાં રુ ૫૦૦૦ની સહાય આપવામાં આવે છે. જેમાં ગર્ભાવસ્થાના પ્રથમ ત્રિ-માસિક સમય દરમ્યાન રુ ૧૦૦૦, બાળકના જન્મ પછી રુ ૨૦૦૦ અને સ્તનપાનના ૬ મહિના પૂર્ણ થયે રુ ૨૦૦૦ ચૂકવવામાં આવતા હોય છે પરંતુ પોર્ટલ અપગ્રેડ થતાં કામગીરી ઠપ્પ થઈ જેના કારણે સહાય ચૂકવવામાં વિલંબ થઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે સરકારની આ યોજનાનો લાભ આર્થિક નબળા વર્ગની મહત્તમ મહિલાઓ લાભ લઈ રહી છે તેવા સમયે પોર્ટલ બંધ રહેવાથી માતૃવંદના યોજના ખોરંભે પડી છે.

**ટૂંકમાં પોર્ટલ શરુ થશે - આરોગ્ય વિભાગ**

સાબરકાંઠા આરોગ્ય વિભાગમાં માતૃવંદના યોજનાની કામગીરી સંભાળતા ડૉ.અનિલ મૌર્યએ જણાવ્યું હતું કે આ યોજનાના પોર્ટલને અપગ્રેડ કરવામાં આવી રહ્યું છે જેમાં મોટાભાગની કામગીરી પૂર્ણ થઈ છે અને ટૂંક સમયમાં માતૃવંદના યોજનાનું પોર્ટલ શરુ થશે.


**કવિ ઉમાશંકર જોશીની આજે ૧૧૨મી જન્મ જયંતી...**

# ગુજરાતી સાહિત્યને ઊંચાઈ આપનારા બહુમુખી પ્રતિભાવાન સાહિત્યકારની ઉપેક્ષા...!!!!!

**કવિના વતન બામણા ગામે જન્મ દિનની માત્ર સ્થાનિક કક્ષાએ ઉજવણી થાય છે...**

ગાંભોઈ

" ભોમિયા વિના મારે ભમવાતા ડુંગરા જંગલની કુંજ કુંજ જોવી હતી" જેવા કાવ્યોની રચના કરી રાષ્ટ્રીય કક્ષાએ સાહિત્ય જગતમાં ઉચ્ચ શિખરો સર કરેલા અને સાબરકાંઠા જિલ્લાના પ્રાકૃતિક સૌંદર્ય એવા અરવલ્લીની ગિરિમાળાઓની ડુંગરોની તળેટીમાં રમણીય વનરાજીમાં વસેલા બામણા ગામની ભૂમિ પર બેસી



પ્રકૃતિમય કવિતાઓની રચના કરી ગુજરાતની પ્રજાને મૂલ્યવાન વિચાર ભાથુ આપી ગુજરાત સાહિત્યને ઊંચાઈ આપનાર બહુમુખી પ્રતિભાવન સાહિત્યકાર અને સૌંદર્ય નિષ્ઠ કવિ ઉમાશંકર જોષીનો જન્મ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ગાંભોઈ પાસેના બામણા ગામે ૨૧મી જુલાઈ ૧૯૧૧ના દિવસે થયો હતો. આજે શુક્રવારે તેમની ૧૧૨મી જન્મ જયંતી છે. તેમના માદરે વતન સાબરકાંઠા જિલ્લાના બામણા ગામે તેમના જન્મદિનની ઉજવણી માત્ર સ્થાનિક શાળા અને કોલેજ જેવી સંસ્થાઓ તેમજ સાહિત્યપ્રેમીઓ પૂરતી જ મર્યાદિત રહી છે. સાબરકાંઠાના સાહિત્યકાર હંસરાજભાઈ શાંખલા જણાવે છે કે ગુજરાતની પ્રજાને મૂલ્યવાન વિચારભાથું આપનાર અને સરકાર તરફથી અનેક પુરસ્કારો અને એવોર્ડથી જેને નવાજવામાં આવેલ એવા ગુજરાતના એક મોટા ગજાના કવિ અને સંનિષ્ઠ સાહિત્યકાર ૩૪ વર્ષ પૂર્વે ૧૯મી ડિસેમ્બર ૧૯૮૮માં મુંબઈમાં અવસાન થયું હતું કવિ જોશીની સ્મરણાંજલિ નિમિત્તે કથાકારશ્રી મોરારીબાપુએ કવિના વતન બામણા ગામે ૨૦૨૦ વર્ષ માં રામકથાનું આયોજન કર્યું હતું. બામણા ગામે સ્થાનિક ગ્રામપંચાયત અને સહયોગીઓ દ્વારા ગામના પ્રવેશદ્વારે ઉભા કરાયેલી કવિની પ્રતિમાનું ૨૦૦૭ ના વર્ષમાં સાહિત્ય પ્રેમીઓની ઉપસ્થિતિમાં તે સમયના કેન્દ્રીય મંત્રી શંકરસિંહ વાઘેલાના હસ્તે અનાવરણ કરાયું હતું ત્યારબાદ આજ દિન સુધી કોઈ રાજકીય નેતા આ કવિના જન્મદિનની ઉજવણી પ્રસંગે તેમજ કવિના જન્મસ્થાન ઘરની મુલાકાત લીધી નથી.

**બામણા ગામે કવિનું પુરાણું ઘર...**

ડુંગરોની ગિરિમાળાની ગોદમાં વસેલું કવિનું બામણા ગામ વર્ષાઋતુમાં પ્રાકૃતિક સૌંદર્યની લીલી ચાદર ઓઢી સોળે કળાએ ખીલી ઉઠ્યું છે. ભોમિયા વિના ભમવા નીકળેલા આ સૌંદર્ય નિષ્ઠ કવિએ સાહિત્યના વિવિધ સ્વરૂપોની કુંજ કુંજને પોતાના ટહુકાથી ગુંજિત કરી દીધી હતી. પ્રકૃતિ પ્રેમીઓ અને પ્રવાસીઓ આજે પણ આ ડુંગરોનો નયનરમ્ય અદભુત નજારો અને ડુંગરોની તળેટીમાં પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે કવિના વારસા રૂપે અડીખમ ઊભેલા પુરાણા ઘરને નિહાળીને અભિભૂત થતા હોય છે.

**શિક્ષકથી કુલપતિ સુધીની સફર દરમિયાન સાંસદ પણ હતા...**

કવિ ઉમાશંકર જોશીએ પ્રાથમિક શિક્ષણ વતન બામણા અને માધ્યમિક શિક્ષણ ઈડરમાં લીધા બાદ અમદાવાદ ખાતે ૧૯૨૮માં મેટ્રિક અને ૧૯૩૬માં **B.A.**થયા. ૧૯૩૮માં મુંબઈમાં **M.A.** થયા, પ્રથમ શિક્ષક તરીકેની સેવા બાદ મુંબઈની કોલેજના ગુજરાતી વ્યાખ્યાતા તરીકે જોડાયા. તેઓ ૧૯૬૬થી ૧૯૭૨ સુધી ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પદે રહ્યા હતા. ૧૯૭૦ થી ૧૯૭૬ સુધી રાજ્યસભાના સભ્ય તરીકે સેવા આપ્યા બાદ ૧૯૭૯ થી ૧૯૮૩ સુધી દિલ્હીમાં કેન્દ્રીય સાહિત્યના અકાદમીના પ્રમુખપદ સાથે ૧૯૭૯ થી ૧૯૮૨ સુધી વિશ્વભારતી યુનિવર્સિટીના કુલપતિ પદે પણ રહ્યા હતા.

**કવિને મળેલા ગૌરવ પુરસ્કાર...**

- ૧૯૩૬ રણજીતરાજ સુવર્ણચંદ્રક.
- ૧૯૪૭ નર્મદ ચંદ્રક.
- ૧૯૬૮ જ્ઞાનપીઠ એવોર્ડ.
- ૧૯૭૩ કેન્દ્રીય સાહિત્ય અકાદમી એવોર્ડ.
- ૧૯૮૧ 'વિશ્વગુર્જરી' ગૌરવ પુરસ્કાર




# પાલનપુરના તબીબે રૂપિયા ૩.૫૦ લાખનું બિલ માફ કરી પરિવારના ૫ સભ્યોના જીવ બચાવ્યા

પાલનપુર તા.૨૦

ડીસાના માલગઢના એક ગૃહસ્થે માનસિક તણાવમાં આવી તેની માતા અને પાંચ સંતાનોને લસ્સીમાં ઝેર પીવડાવી દીધું હતું. જેમને પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. જ્યાં ગૃહસ્થ અને તેના નાના પુત્રનું સારવાર દરમિયાન મોત થયું હતું. જોકે, બાકીના પાંચ સભ્યોને તબીબે સઘન સારવાર આપી બચાવી લીધા હતા. તેમજ તેમનું રૂપિયા ૩.૫૦ લાખનું બિલ પણ માફ કરી માનવતા દાખવી હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,ડીસા તાલુકાના માલગઢના નગુભાઈ માલાભાઈ વાલ્મિકીએ તેમની મૃત પત્ની નંદાબેનના વિરહ અને કામના ભારણથી માનસિક અસ્વસ્થ બન્યા હતા. અને તેમની માતા જગલબેન મામાભાઈ વાલ્મિકી (ઉ.વ.૮૦), બે દીકરીઓ સેજલ(ઉ.વ.૨), તારીકા (ઉ.વ.૭) અને ત્રણ દિકરા હિંમત (ઉ.વ.૬), સચિન (ઉ.વ.૧૧) અને સાગર (ઉ.વ.૧૦)ને લસ્સીમાં જંતુનાશક દવા ભેળવીને પીવડાવી દીધા બાદ તેમણે પોતે પણ લસ્સી ગટગટાવી સામુહિક આપઘાતનો પ્રયાસ કર્યો હતો. એમને પાલનપુરની શ્રી હોસ્પિટલ અને આઈસીયુમાં સારવાર માટે ખસેડાયા હતા. આ અંગે તબીબ કલ્પેશ ગોહિલે જણાવ્યું હતું કે, સારવાર દરમિયાન નગુભાઈ અને તેમના સૌથી નાના પુત્રનું મોત થયું હતું. જોકે બાકીના પાંચ સભ્યોને સઘન સારવાર આપતાં તેમનો જીવ બચી ગયો છે. આ પરિવારની સારવાર માટે આમ જોઈએ તો રૂપિયા છ થી સાત લાખ રૂપિયા નું બિલ થાય છે જોકે અમે હોસ્પિટલ પ્રમાણે ૩.૫૦ લાખનું બિલ બનાવ્યું હતું. જોકે, પરિવારની સ્થિતિ જોતા આ તમામ બિલ માફ કર્યું છે. પાંચે સભ્યો હવે સ્વસ્થ બન્યા છે. જેમને હોસ્પિટલમાંથી રજા અપાશે.



# પાલનપુરમાં મિત્રને ૧૫ ટકા વ્યાજે નાણાં આપી પઠાણી ઉઘરાણી કરી...

**૪૦,૦૦૦ની રકમ સામે નાણા વસુલી ટુ વ્હીલર પણ પડાવી લીધું**

પાલનપુર તા.૨૦

પાલનપુરના યુવકને નાણાંની જરૂર પડતા તેના મિત્ર પાસેથી ૧૫ ટકાના વ્યાજ થી અલગ અલગ સમયે રૂપિયા ૪૦ હજાર વ્યાજે લીધા હતા. જે મૂડી સાથે ચૂકવી દીધા હોવા છતાં ટુ વ્હીલર પડાવી લઈ રૂપિયા ૧૦,૦૦૦ના વ્યાજની માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે તેની સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુર સુખબાગ રોડ રબારીવાસમાં રહેતા સુધેશ કુમાર અમીભાઈ દેસાઈને ઘરકામ માટે નાણાંની જરૂર પડતા પાલનપુર જામપુરા પ્રાથમિક શાળા પાછળ રહેતા તેમના મિત્ર જીગરભાઈ નરેશભાઈ બારોટ પાસેથી જુદા જુદા સમયે રૂપિયા ૪૦ હજાર ૧૫ ટકાના દરે વ્યાજે લીધા હતા. જે મૂડી સહિત ચૂકવી લીધા હોવા છતાં જીગરભાઈ તેમની પાસેથી જયુપીટર લઈ લીધું હતું. તેમજ રૂપિયા ૧૦,૦૦૦ની પઠાણી ઉઘરાણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે સુધેશકુમારે પાલનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

**પસંદગીમાં શાળા સંચાલકોનો હાથ ઉપર રહેવાની ધારણા**

# આચાર્ય ભરતી - જિલ્લાની શાળાઓમાં મેરીટ મુજબ ૧૫ - ૧૫ ઉમેદવારોને બોલાવાશે

**સંસ્થાના ૨ ટ્રસ્ટી, ૧ કેળવણીકાર, શિક્ષણ નિરીક્ષક અને ડી.ઈ.ઓ.નો પસંદગી સમિતિમાં સમાવેશ**

બાયડ, તા.૨૦

છેલ્લા ૫-૬ વર્ષથી આચાર્ય વગરની ધો.૯ થી ૧૨ ની અનેક શાળાઓને નિયમિત આચાર્ય મળી જાય તે રીતે શિક્ષણ વિભાગે તૈયારીઓ શરુ કરી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાઓમાં ૧૭૧ આચાર્યોની ભરતી કરવાની છે તેમાં શાળા સંચાલકોનો હાથ ઉપર રહેવાની ધારણા છે. દરેક શાળાઓને સંભવિત રીતે ૧૫ – ૧૫ મેરીટ મુજબ ઉમેદવારો અપાશે અને ઈન્ટરવ્યું માટે ૫ સભ્યોની કમીટીનું ગઠન થશે જેમાં સંસ્થાના ૨ ટ્રસ્ટી, ૧ કેળવણીકાર, શિક્ષણ નિરીક્ષક અને ડી.ઈ.ઓ.નો પસંદગી બોર્ડમાં સમાવેશ થશે તેમ મનાઈ રહ્યું છે. કમિશ્નર શાળાઓની કચેરી-ગાંધીનગર દ્વારા સૂચના મળ્યા પછી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી ભરતીની પ્રક્રીયાને આખરી ઓપ આપી શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આચાર્યોની તા.૩૧ મે.૨૦૨૩ સુધીની સ્થિતિએ ખાલી જગ્યાઓની વિગત મેળવી ભરતી માટેની પ્રક્રીયાનો પ્રારંભ થઈ ગયો છે. ઉમેદવારોના ફાઈનલ મેરીટ સાથે ઉમેદવારોને જે તે જિલ્લા અને તેમાં પસંદગીની શાળાઓ માટે પણ ઓનલાઈન દાવેદારી નોંધાવવા તાકીદ કરાયા પછી શનિવારે સાંજે તે અવધી પૂરી થઈ ગઈ છે. કેન્દ્રીય કૃત ભરતી સમિતિની રચના કર્યા પછી એચ.ટાટની પરીક્ષા પાસ કરી હોય તેવા શિક્ષકોની આચાર્ય તરીકે ભરતી થવાની છે. દરેક ઉમેદવારોને ૧૫-૧૫ શાળાઓની પસંદગી આપવામાં આવી હતી તે લગભગ પૂરી થઈ છે અને પસંદગી સમિતિ માટે આચાર્યની પસંદગી માટે ૪૦નું ગુણાંકન રાખવામાં આવ્યું છે જેથી ટ્રસ્ટીઓ નક્કી કરશે તે ઉમેદવારની પસંદગી થવાની શક્યતા સૌથી વધુ છે અને આ પ્રકારની ભરતી પ્રક્રીયાને આવકાર દાયક પણ માનવામાં આવી રહી છે.

# પ્રાંતિજમાંથી બે ડેન્ગ્યુ પોઝીટીવ કેસો મળી આવતા નગરજનોમાં ફફડાટ

**હિંમતનગર-અમદાવાદ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા : યોગેશ્વર સોસાયટીમાંથી એક અને ગ્રીનપાર્ક વન માંથી એક કેસ મળી આવ્યો : પ્રાંતિજ પાલિકા આરોગ્ય તંત્ર ઉગતું ઝડપાયુ : આંખો નો રોગ ઉચકાયો**

પ્રાંતિજ તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે થી બે ડેન્ગ્યુ ના બે પોઝીટીવ કેસો મળી આવતા નગરજનો મા ફફડાટ જોવા મળ્યો છે જેમા એક ૨૦ વર્ષ નો યુવક તથા એક ૨૪ વર્ષ ના યુવાન થઈ બે ડેન્ગ્યુ ના કેસો મળી આવ્યા.




મળતી માહિતી મુજબ પ્રાંતિજ ખાતે ડેન્ગ્યુ ના બે પોઝીટીવ કેસો મળી આવ્યા છે જેમા પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ યોગેશ્વર સોસાયટી મા રાહુલ સુખાભાઈ પ્રજાપતિ ઉ.વર્ષ-૨૦ કે જેને ડેન્ગ્યુ થતા પહેલા હિંમતનગર ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યો હતો અને ત્યાંથી તેને વધુ સારવાર માટે અમદાવાદ ખાતે ખસેડવામા આવ્યો હતો તો પ્રાંતિજ નેશનલ હાઈવેઆઠ ઉપર આવેલ ગ્રીનપાર્ક વન સોસાયટી મા પણ કિશન ભાઈ સવણભાઈ પ્રજાપતિ ઉ.વર્ષ-૨૪ જેને ડેન્ગ્યુ થતા તેને હિંમતનગર ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યો હતો તો પ્રાંતિજ મા બે ડેન્ગ્યુ ના કેસો દેખાતા હાલતો નગરજનોમા ભંય નો માહોલ જોવા મળી રહ્યો છે તો બીજી તરફ પાલિકા આરોગ્ય તંત્ર સફાળે જાગી બન્ને સોસાયટી મા ફોગીંગ મશીન દ્વારા તથા જંતુનાશક દવાનો છંટકાવ કરવામા આવે તેવી રહીશોની માંગ ઉઠવા પામી છે.

બોક્સઃ- આંખો ના વાયરલ કેસો મા પણ પ્રાંતિજ સહિત તાલુકામા ઝડપી ફેલાય રહ્યો છે ત્યારે આંખો આવવા ના કેસો મા પણ વધારો થયો છે.